અપીલ અરજી નં.૬/૦૮–૦૯ તા.૨–૪–૦૮

અરજદારઃ શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પ અને ઈ) કતારગામ ઝોન

## હુકમ:–

***વિષય :***–આરટીઆઈ એક્ટ હેઠળ શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલની તા.૨૬–૨–૦૮ની અરજીથી અમરોલી ગામ સર્વે નં. ૨૮ પૈકી પ્લોટ નં.૨૩ રણછોડ નિકેતન ની આકારણી ટેના.નં.૬૧એ–૦૧–૧૭૬૧–૦–૦૦૧ દફતરેની માહિતી મેળવવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨–૪–'૦૮ ની અપીલ અરજી નં.૬/૨૦૦૮–૦૯

શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલની તા.૨૬–૨–૦૮ની અરજીથી અમરોલી ગામ સર્વે નં. ૨૮ પૈકી પ્લોટ નં.૨૩ રણછોડ નિકેતન ની આકારણી દફતરેની માહિતી મેળવવા બાબતે કરેલી અરજી અંગે કોઈ પણ નિર્ણય કે જવાબ મળેલ ન હોવાથી નારાજ થઈ અરજદાર ધ્વારા એપેલેટ ઓફિસરને તા.૨–૪–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ બંને અરજીની નકલો તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫ તા. તા.૨૩–૪–૦૮ ના રોજ પત્ર પાઠવી ડે.કમિશ્નર (પઅને ઈ) નોર્થ ઝોનને જણાવવામાં આવેલ. જે અંગે કોઈ વિશેષ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૨–૦૮ની અરજીથી માંગ્યા મુજબ નિર્દિષ્ટ ટેનામેન્ટ નંબરની મિલ્કતમાં પ્લોટધારક માલિક કબ્જેદાર ના નામો તેમજ તે શાના આધારે દફતરે દાખલ થયેલ તથા તે અંગે કરેલ કાર્યવાહી વિગેરેની માંગ્યા અનુસારની માહિતી જરૂર જણાયે આરટીઆઈ એક્ટની કલમ–૧૧ સહિતની કાયદા અને નિયમોની જોગવાઈ અનુસરી દિન–૭માં અરજદારને અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૪ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,કતારગામ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિનુભાઈ ડાહયાભાઈ પટેલ,